# Day to Day Current Affairs
## July – 2015

### ❖ ૧૧ જુલાઈ, ૨૦૧૫ (બુધવાર)

### 1) ૧૧ જુલાઈ :– વિશ્વ વસતિ દિવસ

### 2) 'આકાશ' મિસાઈલ :–

- સુપરસોનિક આકાશ મિસાઈલ્સને ઈન્ડિયન એરફોર્સમાં સામેલ કરવામાં આવી.
- જમીન થી આકાશમાં પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી આકાશ મિસાઈલ એક સાથે ૪૦ ટાર્ગેટ ટ્રેક કરીને તેનો નાશ કરી શકશે.
- ભારત ઈલેક્ટ્રોનિકસ દ્વારા આ મિસાઈલ બનાવવામાં આવી છે.
- મિસાઈલ સંપૂર્ણ સ્વદેશી હોવાને કારણે તેમાં મેક ઈન ઈન્ડિયાનું પ્રદાન છે.

### 3) ISL :– Indian Super league

- ઈન્ડિયન સુપર લીગ ફૂટબોલ ટૂર્નામેન્ટની બીજી સીઝન માટે દિલ્હી ખાતે હરાજી થઈ.
- આ દરમિયાન ભારતનો સ્ટ્રાઈકર સુનીલ છેત્રી સૌથી મોંઘા ખેલાડી તરીકે વેચાયો હતો.
- મુંબઈ સિટી દ્વારા છેત્રીને ૧.૨૦ કરોડમાં ખરીદવામાં આવ્યો હતો.

### 4) પ્રકાશ ઝા – બોલીહુડ ડિરેકટર :–

- મધ્યપ્રદેશના ચર્ચિત વ્યાપમ કોભાંડ પર પ્રકાશ ઝા ફિલ્મ બનાવશે.

### 5) ભારત – શાંઘાઈ કો – ઓપરેશન ઓર્ગેનાઈઝેશનનું પૂર્ણ સભ્ય બન્યું :–

- તાજેતરમાં રશિયાના ઉફા ખાતે મળેલ SCO સંમેલનમાં ભારતને સંપૂર્ણ સભ્યપદ મળ્યું છે.
- વર્ષ – ૨૦૦૫ માં ભારતને ઓબ્ઝર્વર તરીકે નિયકુત કરાયો હતો અને ૧૦ વર્ષ બાદ સંપૂર્ણ સભ્યપદ મળ્યું.
- વર્ષ ૨૦૦૧ માં SCO ની સ્થાપના શાંઘાઈ ખાતે થઈ હતી.
- હવે, ભારત સહીત SCO ના સભ્ય દેશની સંખ્યા ૭ થઈ ગઈ છે

### 6) રાજકુમાર વુડાયાર :–

- આંધ્રપ્રદેશના પ્રખ્યાત શિલ્પકાર.

### 7) ઈસરોએ બ્રિટનના પાંચ ઉપગ્રહો સફળતા પૂર્વક અંતરિક્ષમાં લોન્ચ કર્યા :–

- ઈસરો દ્વારા PSLV – C 28 દ્વારા શ્રી હરીકોટા ખાતેથી ૧૦ જુલાઈના રોજ રાત્રે ૯ : ૫૮ વાગ્યે બ્રિટનના પાંચ ઉપગ્રહોને સફળતાપૂર્વક અંતરિક્ષમાં લોન્ચ કરાયા.
- આ PSLV ની કુલ ૩૦ મી ઉડાન હતી.

### 8) ઓમર શરીફ :–

- હોલીવુડના પ્રખ્યાત અભિનેતા ઓમર શરીફનું અવસાન.
- ૧૯૬૨ માં આવેલી શરીફ તેમની પહેલી જ ફિલ્મ 'લોરેન્સ ઓફ અરેબિયા' માટે ઓસ્કારમાં નોમિનેટ થયા હતા.
- શરીફનો જન્મ ઈજિપ્તના ખ્રિસ્તી પરિવારમાં થયો હતો.
- ફરીફે ફાતેન હમામા નામની અભિનેત્રી સાથે લગ્ન કર્યા હતા અને લગ્ન બાદ તેમણે ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો.

Vivekanand Academy, Gandhinagar